પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
Whatsapp No.9712880678

વર્ષઃ૨૪, અંકઃ૧૧૫, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૬-૦૧-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 115 PRICE :-RS. 1.50 DATE : 06-01-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ૫.૬ કરોડ લોકો ઘરોમાં કેદ, નવા કોરોના વાયરસે બ્રિટનને સંકટમાં મૂક્યું

## બ્રિટનમાં કોરોના સ્ટ્રેનની દહેશતઃ દોઢ માસનું લોકડાઉન જાહેર કરાયું

લંડન,

બ્રિટનમાં કોરોનાના નવા સ્ટ્રેન સામે અગમચેતી રૂપે વડા પ્રધાન બોરિસ જ્હોન્સને દોઢ માસના લૉકડાઉનની જાહેરાત કરી હતી. હાલ બ્રિટનમાં અગાઉના કોરોના સામે રક્ષણ આપતી રસી અપાઈ રહી છે ત્યાં કોરોનાના નવા સ્ટ્રેનનો ચેપ ફેલાવાનો શરૂ થયો હતો. એની અસર ભારતમાં પણ દેખાઈ હતી. ઈંગ્લેંડથી ભારત આવેલા મુસાફરોમાં પણ કોરોનાના નવા સ્ટ્રેનની અસર જોવા મળી હતી.



બ્રિટનમાં તમામ બિનજરૂરી દુકાનો અને મોલ્સ બંધ રહેશે. હેર કટિંગ સલૂન, રેસ્ટોરાં વગેરેમાં પણ હાલ કોઈ પ્રવૃત્તિ નહીં થાય. જો કે રેસ્ટોરાં ટેક અવે સેવા ચાલુ રાખી શકશે. સોમવાર સાંજ સુધી ઈંગ્લેંડની હૉસ્પિટલોમાં ૨૬, ૬૨૬ દર્દીઓ હતા. ગયા સપ્તાહ કરતાં આ વધારો ૩૦ ટકા જેટલો હતો.

વડા પ્રધાને કહ્યું હતું કે કોરોનાના નવા સ્ટ્રેન સામે અગમચેતી રૂપે દોઢ માસનો લૉકડાઉન લાદવાની ફરજ પડી હતી. સ્કૂલ કૉલેજના વિદ્યાર્થીઓ પણ ફેબ્રુઆરીના અંત સુધી કેમ્પસમાં પાછાં નહીં ફરી શકે. સોમવારે રાત્રે બોરિસ જ્હૉન્સને રાષ્ટ્રવ્યાપી પ્રવચન કર્યું હતું અને કહ્યું હતું કે દેશ અત્યારે બહુ મુશ્કેલ સંજોગોમાંથી પસાર થઈ રહ્યો હતો. કોરોનાના નવા સ્ટ્રેન સામે રક્ષણ માટે લૉકડાઉન લાદવાની સરકારને ફરજ પડી રહી હતી. લોકો આ મુદ્દો સમઝી શકશે અને સરકારના પ્રયાસોમાં સાથ સહકાર આપશે એવી આશા છે. દેશના દરેક વિસ્તારમાં કોરોના ઝડપભેર પ્રસરી રહ્યો હતો. એવા સમયે કડક પગલાં લેવા જરૂરી બની રહ્યાં હતા.

બાળકોનો અભ્યાસ ઓનલાઈન ચાલી શકે છે. અનિવાર્ય કામ સિવાય લોકોએ ઘરની બહાર નીકળવું નહીં એવી હેલ્થ વર્કર્સની સલાહ હતી. જીવન જરૂરી ચીજો ખરીદવા લોકો બહાર નીકળી શકે છે. એ સિવાય ઘરની બહાર નીકળશો નહીં. આ જાહેરાત કરવા અગાઉ વડા પ્રધાને એવો અણસાર આપી દીધો હતો કે કોરોના અને કોરોનાના નવા સ્ટ્રેન સામે કડક પગલાં ભરવા પડશે. એ સિવાય બીજો કોઈ વિકલ્પ રહ્યો નહોતો.

## ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષા મે મહિનામાં યોજાય તેવી શક્યતા

ગાંધીનગર,

કોરોનાકાળ દરમિયાન સરકાર દ્વારા ઓનલાઈન એજ્યુકેશન બાદ હવે આગામી બોર્ડની પરીક્ષા લેવાના નિર્ણય પછી ગુજરાત શિક્ષણ વિભાગે બોર્ડની પરીક્ષા ફી જાહેર કરી દીધી છે. જો કે બોર્ડની પરીક્ષા ફીમાંથી બહેનો અને દિવ્યાંગનો મુક્તિ આપવામાં આવી છે. ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં લેવામાં આવનારી બોર્ડની પરીક્ષાને લઈને ફી જાહેર કરી દીધી છે. તેમાં સૌથી મહત્વની વાત એ છે કે બોર્ડની પરીક્ષા ફીમાંથી બહેનો અને દિવ્યાંગને મુક્તિ આપવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા બોર્ડની પરીક્ષા ફી




જાહેર કરી દેવામાં આવી છે. જેમાં ધોરણ ૧૦ માટે પરીક્ષા ફી ૩૫૫ રૂપિયા નક્કી કરવામાં આવી છે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ માટે ૪૯૦ રૂપિયા તેમજ વિજ્ઞાન પ્રવાહ માટે ૬૦૫ રૂપિયા ફી નક્કી કરાઈ છે.

થોડા દિવસ પહેલા જ ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા માટે શિક્ષણ વિભાગ સજ્જ થયું હતું. મળતી માહિતી અનુસાર ઉત્તરાયણ બાદ પરીક્ષાના ફોર્મ ભરવામાં આવશે અને મે મહિનામાં પરીક્ષા યોજાશે. બોર્ડની પરીક્ષા નિયત સમયમાં યોજાય તે માટે કવાયત હાથ ધરવામાં આવી રહી છે. શિક્ષણ વિભાગ દ્વારા જે શીડ્યુલ નક્કી કરાયું છે તેનું પાલન થાય તે માટે ખાસ પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. બોર્ડની પરીક્ષામાં કોઈ ખોટ ન રહી જાય તે માટે શિક્ષણ વિભાગ અત્યારથી કામે લાગી ગયું છે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા કોરોનાકાળમાં ધોરણ ૯ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે સ્કૂલ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કોરોના મહામારીને ધ્યાને રાખીને ગુજરાત સરકારના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવામાં આવ્યો હતો.

જેના હેઠળ ધોરણ ૯થી ૧૨ના અભ્યાસક્રમમાં ૩૦ ટકાના ઘટાડો કરાયો હતો. જ્યારે પરીક્ષા પદ્ધતિમાં પણ માટાપાયે ફેરફાર કરાયો હતો. બોર્ડના નિર્ણય મુજબ ધોરણ-૯,૧૦,૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રશ્નપત્રોમાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ વધારીને ૩૦ ટકા કર્યું છે. જે અગાઉ ૨૦ ટકા હતું. કેન્દ્રીય શિક્ષણ પ્રધાન રમેશ પોખરિયાલે થોડા દિવસ પહેલા જ સીબીએસઈ બોર્ડની આગામી ૧૦ અને ૧૨માં ધોરણની બોર્ડ પરીક્ષાની તારીખો આજે જાહેર કરી હતી, આ પરીક્ષાઓ અગાઉની એનઈઈટી અને જેઈઈ ની પરીક્ષાઓની જેમ જ ઓફલાઈન મોડમાં લેવામાં આવશે તેવું જણાવ્યું હતું.

## મોદી સરકારને રાહતઃ સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટને સુપ્રિમની 'લીલીઝંડી'

ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટને કેન્દ્રની મોદી સરકારને મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટને લીલી ઝંડી આપી દીધી છે. આપને જણાવી દઈએ કે પાછલી સુનવણીમાં સુપ્રીમ કોર્ટે સંસદ ભવનના શિલાન્યાસને મંજૂરી આપી દીધી હતી. જસ્ટિસ એએમ ખાનવિલકર, જસ્ટિસ દિનેશ માહેશ્વરી અને જસ્ટિસ સંજીવ ખન્નાની બેન્ચે ૨-૧ની બહુમતીથી આ ચુકાદો સંભળાવતા કહ્યું કે તેમની બેન્ચ સરકારને આ યોજના માટે મંજૂરી આપી રહ્યું છે.

જસ્ટિસ ખાનવિલકર અને જસ્ટિસ માહેશ્વરીએ ૨-૧ની બહુમતી આપતા ચુકાદામાં કેન્દ્ર સરકારના ડીડીએ એકટના અંતર્ગત આ પ્રોજેક્ટને યોગ્ય ગણાવ્યો. તો જસ્ટિસ સંજીવ ખન્ના બહુમતીથી અલગ રહ્યા. બેન્ચે સાથો સાથ સરકારને પ્રદૂષણને નાથવા માટે સ્મોગ ટાવર લગાવાનું પણ કહ્યું છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે હાલનું સંસદ



ભવન ગંભીર આગની આશંકા અને ઓછી જગ્યાનો સામનો કરી રહ્યું હતું. આ પ્રોજેક્ટ હેઠળ હેરિટેજ બિલ્ડિંગને સંરક્ષિત કરવામાં આવશે. હાલનું સંસદ ભવન ૧૯૨૭માં બનાવામાં આવ્યું હતું જેનો ઉદ્દેશ્ય વિધાન પરિષદ ભવનના નિર્માણનો હતો ન કે બે સદનનો હતો. પરંતુ જ્યારે લોકસભા અને રાજ્યસભાનું સંયુક્ત સત્ર આયોજિત કરવામાં આવે છે ત્યારે સાંસદો પ્લાસ્ટીકની ખુરશી પર બેસે છે. જેનાથી સંસદની ગરીમા જળવાતી નથી.

આપને જણાવી દઈએ કે પીએમ નરેન્દ્ર મોદી એ ૧૦ ડિસેમ્બરના રોજ નવા સંસદ ભવનની બિલ્ડિંગનો શિલાન્યા કર્યો હતો. ૭ ડિસેમ્બરના રોજ પાછલી સુનવણીમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તેને શિલાન્યાસ કરવા પર કોઈ આપત્તિ નથી પરંતુ સુપ્રીમ કોર્ટના નિર્ણય આવવા સુધી કોઈ બાંધકામ, તોડફોડ કે વૃક્ષ પાડવાનું કામ ના થાય.

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટની અંતર્ગત નવા પરિસર, કેન્દ્રીય મંત્રાલયો માટે સરકાર બિલ્ડિંગ્સ, ઉપરાષ્ટ્રપતિ માટે નવા ઈનકલેવ, પ્રધાનમંત્રી કાર્યાલય, અને આવાસ સહિત અન્ય બાંધકામ કરવાના છે. પ્રોજેક્ટનું કામ કરી રહેલા કેન્દ્રીય લોક નિર્માણ વિભાગએ અંદાજીત ખર્ચને ૧૧૭૯૪ કરોડ રૂપિયાથી વધારીને ૧૩૪૫૦ કરોડ રૂપિયા કરી દીધો છે. આશા વ્યક્ત કરાઈ રહી છે કે ૨૦૨૨માં આ પ્રોજેક્ટ પૂરો થશે અને આઝાદીના ૭૫ વર્ષ પૂરા થવા પર સંસદ સત્ર નવા ભવનમાં જ ચાલશે. નવા સંસદ ભવનમાં લોકસભાનો આકાર હાલ કરતાં ત્રણ ગણો વધુ હશે. રાજ્યસભાનો આકાર પણ વધશે. કુલ ૬૪૫૦૦ વર્ગમીટર ક્ષેત્રમાં નવા સંસદ ભવનનું નિર્માણ ટાટા પ્રોજેકટસ લિમિટેડની તરફથી કરાશે. નવા સંસદ ભવનની ડિઝાઈન એચસીપી ડિઝાઈન પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ તૈયાર કરી છે. શહેરી કાર્ય મંત્રાલયના અધિકારીઓના મતે નવું સંસદ ભવન ૨૦૨૨માં આઝાદીની ૭૫મી વર્ષગાંઠના અવસર પર નવા ભારતની આવશ્યકતાઓ તથા આકાંક્ષાઓને અનુરૂપ હશે.

## રાજ્ય સરકારે ડ્રાઈવિંગ લાઈસન્સ, RC બુક એક્સપાયરી ૩૧-માર્ચ સુધી લંબાવી

ગાંધીનગર,

ફરી એકવાર રાજ્યના વાહનચાલકોને સરકારે મોટી ભેટ આપી હોય છે. ગુજરાત સરકારના વાહનવ્યવહાર વિભાગ દ્વારા ડ્રાઈવિંગ લાયસન્સ, આરસી બુકની મુદતમાં વધારો કરાયો છે. મુદત પુર્ણ થયેલા દસ્તાવેજોની પણ ૩૧ માર્ચ સુધી એંફોર્સમેંટ માટે માન્ય રાખવામાં આવશે. રાજ્યના વાહનવ્યવહાર કમિશનરની કચેરીએ નવો આદેશ રજૂ કર્યો છે. કોરોનાને પગલે વાહનમાલિકો માટે ડ્રાઈવિંગ લાઈસન્સ, આરસી બુક, ફિટનેસ સર્ટિફિકેટ અને પરમિટ સહિતના દસ્તાવેજોની મુદત ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વાહન વ્યવહાર વિભાગ દ્વારા ગત વર્ષે આ તમામ દસ્તાવેજોની મુદત ૩૦ સપ્ટેમ્બર સુધી લંબાવાઈ હતી. ત્યારબાદ તેમાં વધુ ત્રણ મહિનાનો ઉમેરો કરાયો હતો. નવા વર્ષની સાથે તમામ દસ્તાવેજોની મુદત ૩૧મી ડિસેમ્બર ૨૦૨૦એ પૂર્ણ થઈ ગઈ હતી, પરંતુ સરકારના નવા આદેશ મુજબ જેમની મુદત પૂર્ણ થઈ ગઈ હશે તો પણ તેની વેલિડિટી ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી માન્ય ગણાશે. બીજી તરફ લર્નિંગ લાઈસન્સની મુદતમાં કોઈ વધારો નહીં કરવાનું જણાવાયું છે. ૬ મહિનાની વેલિડીટી પૂર્ણ થયા બાદ ફરી ફી ભરવાની રહેશે. ડ્રાઈવિંગ લાયસન્સ, આરસી બુકની મુદતમાં વધારો કરતા ફરી એકવાર નાગરિકોને એક મોટી રાહત આપી છે. હાલ કોરોના હોવાથી મોટા ભાગે ઓફિસો બંધ છે અથવા તો લોકો બહાર જવાનું ટાળી રહ્યા છે, ત્યારે રાજ્ય સરકારે ફરી રિન્યૂ કરવા માટે ૩૧-૦૩-૨૦૨૧ સુધી વેલિડિટી આપી છે. જેમની પણ મુદત પુર્ણ થઈ ગઈ છે તેવા તમામ દસ્તાવેજોની પણ ૩૧ માર્ચ સુધી એંફોર્સમેંટ માટે માન્ય રાખવામાં આવશે.

## સુરત બિલ્ડરઃ ફેબ્રુઆરીમાં આઈટીના દરોડામાં ઢગલાબંધ દસ્તાવેજ જપ્ત કરાયા

સુરત,

સુરત શહેરના જાણીતા બિલ્ડર ગ્રુપ પર ગત ફેબ્રુઆરીમાં આઈટીની ઈન્વેસ્ટિગેશન વિંગ દ્વારા રેડ કરવામાં આવી હતી. કુબેરજી ગ્રુપ સહિતના ૨૦ બિલ્ડરો-દલાલો-કોન્ટ્રાકટરોને ત્યાં હાથ ધરાયેલા દરોડાની લોકર ચેક કરવાની કામગીરી પૂર્ણ થઈ છે. જેમાં બિલ્ડર રાજેશ પોદ્દારને ત્યાંથી સાડા ત્રણ કરોડની ડાયમંડ જ્વેલરી મળી હતી. જેમાં એક વીટીમાં ૮.૬૭ કેરેટનો એક ડાયમંડ હતો. જેની આઈટીએ લગાવેલી કિંમત સવા કરોડ હતી, જ્યારે ડાયમંડના ૨ ઈયરિંગ પણ સિઝ કરાયા હતા. જેની કિંમત સવા કરોડની હતી. આ વિશે મળતી માહિતી પ્રમાણે, ડાયમંડ જ્વેલરીના વેલ્યુએશન માટે આઈટી વેલ્યુઅરને બોલાવ્યો હતો. ગત ફેબ્રુઆરીમાં આઈટીના દરોડામાં બિલ્ડરોને ત્યાંથી ઢગલાબંધ દસ્તાવેજ જપ્ત કરાયા હતા. સાથે બિલ્ડરોના બેક્ર લોકર પણ સિઝ કરાયા હતા. કોરોનાના લીધે બંધ કરાયેલી કાર્યવાહી સપ્ટેમ્બર બાદથી શરૂ કરાઈ હતી. રાજેશ પોદ્દારના ૩થી ૪ લોકર ઓપરેટ કરાયા હતા જેમાં એક લોકરમાંથી પહેલાં ૭૪ લાખની જ્વેલરી સિઝ કરાઈ હતી.

## ૯ મહિના પછી દેશમાં કોરોના સંક્રમણના સક્રિય કેસ ૨.૫ લાખથી ઓછા

ન્યુ દિલ્હી,

કોરોના મહામારી વિરુદ્ધ લડાઈમાં ભારત હવે નિર્ણાયક સ્થિતિ પર પહોંચી ગયું છે. કોરોના મહામારીના દેશમાં પ્રકોપ બાદ ૯ મહિના પછી સક્રિય કેસનો આંકડો ૨.૫ લાખની અંદર પહોંચી ગયો છે. મંગળવારે પત્રકાર પરિષદને સંબોધતા હેલ્થ સેક્રેટરી રાજેશ ભૂષણે જણાવ્યું કે, ૨૩ ડિસેમ્બરથી ૫ જાન્યુઆરી સુધી સંક્રમણનું પ્રમાણ ૩%થી નીચે આવી ગયું છે. ૨૧ ડિસેમ્બરે દેશભરમાં કુલ ૧૦ લાખ સક્રિય કેસ હતા જે ૨જી જાન્યુઆરીએ ઘટીને ૨.૫ લાખ પર આવી ગયા હતા. આ સક્રિય કેસમાંથી ૪૩.૯૬% કેસ હોસ્પિટલમાં જ દાખલ છે જ્યારે ૫૬.૦૪% આઈસોલેશનમાં છે. સ્વાસ્થ મંત્રાલય મુજબ કોવિડ હોસ્પિટલ્સ પર દર્દીઓનો ભાર હવે હળવો બની રહ્યો છે.

મહત્વનો મુદ્દો એ છે કે, દેશભરમાં કોરોના સંક્રમણના કેસોમાં ઘટાડો આવી રહ્યો છે જેમાં મંગળવારે, સતત ચોથા દિવસે નવા કેસના આંક ૨૦ હજારની અંદર રહ્યો હતો. દેશમાં કુલ સંક્રમણ કેસોનો આંકડો ૧,૦૩,૫૬,૮૪૪ પર પહોંચ્યો હતો, પરંતુ તેમાંથી ૯૯.૭૫ લાખથી વધુ દર્દીઓ સ્વસ્થ થઈ ચૂક્યા છે.

વિશ્વસ્તરે સરખામણી કરીએ તો દેશમાં ૧૦ લાખની વસતીએ સંક્રમણના ૭૫૦૪ કેસ છે જ્યારે મહાસત્તા અને સૌથી વધુ પ્રભાવિત અમેરિકામાં કેસનું પ્રમાણ ૬૧ હજારથી વધુ છે.

## TMCમાં ગાબડુંઃ મમતાને ફટકો, ખેલ મંત્રી લક્ષ્મી રતન શુક્લાનું રાજીનામું

કોલકાત્તા,


પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીને તેમના જન્મ દિવસે જ એક જોરદાર ફટકો પડ્યો છે. અધિકારી બંધુઓ બાદ ટીએમસીના વધુ એક દિગ્ગજ નેતાએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. જો કે તેઓ પાર્ટીમાં યથાવત રહેશે. મમતા સરકારમાં મંત્રી રહી ચુકેલા અને પૂર્વ ક્રિકેટર એવા લક્ષ્મી રતન શુલ્કાએ પાર્ટીની જીલ્લાધ્યક્ષ પદ અને મંત્રી પદેથી રાજીનામું આપી દેતા ટીએમસીને વધુ એક ફટકો પડ્યો છે. શુક્લાએ પાર્ટીના તમામ પદો પરથી રાજીનામું આપી દીધું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજીનામું આપવા માટે લક્ષ્મી રતન શુક્લાએ મુખ્યમંત્રી મમતા બેનરજી અને રાજ્યપાલ જગદીપ ધનખડને પત્ર મોકલી આપ્યો છે. લક્ષ્મી રતન શુક્લા ક્રિકેટર પણ રહી ચુક્યા છે. હાલ તેઓ હાવડામાં ટીએમસીના જીલ્લાધ્યક્ષ પણ હતા. પરંતુ આજે તેમણે આ પદ પરથી રાજીનામું આપી દીધું છે. મમતા સરકારના અનેક મંત્રીઓએ છેલ્લા થોડા જ સમયમાં પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. રાજીનામું આપ્યા બાદ મમતા બેનરજીની સરકારના શક્તિશાળી સુભેંદુ અધિકારી અને તેમના ભાઈ અનેક ધારાસભ્યો અને સંખ્યાબંધ કાર્યકર્તાઓ સાથે ભાજપમાં શામેલ થઈ ગયા છે. ટીએમસીમાંથી રાજીનામાનો આ દોર આવનાર સમયમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા જ શરૂ થયો છે.

## બર્ડ ફ્લૂને કેરળે રાજકીય આફત જાહેર કરી, હરિયાણામાં એક લાખ મરઘીનાં મોત

ન્યુ દિલ્હી,

હિમાચલ પ્રદેશથી તે છેક કેરળ સુધી ઠેર ઠેર બર્ડ ફ્લૂનો આતંક જોવા મળ્યો હતો. લેટેસ્ટ માહિતી મુજબ હરિયાણામાં બર્ડ ફ્લૂના પગલે એક લાખ મરઘી મરેલી મળી આવી હતી. બર્ડ ફ્લૂનો ચેપ સૌ પ્રથમ રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં જોવા મળ્યો હતો. ત્યારબાદ એ ચેપ અન્ય સ્થળોએ ફેલાવા માંડ્યો હતો. હિમાચલ પ્રદેશ, હરિયાણા, ગુજરાત અને હવે કેરળમાં પણ બર્ડ ફ્લૂ જોવા મળ્યો હોવાના અહેવાલ હતા. આવું બનતાં રાજ્ય સરકારોએ રેડ એલર્ટ જાહેર કરી હતી. કેરળે તો આને રાજકીય આફત જાહેર કરી છે.

મધ્ય પ્રદેશમાં છેલ્લા દસ દિવસમાં આશે છસો કાગડા મરેલા મળી આવ્યા હતા. એમાંય સૌથી વધુ મોત ઈંદોરમાં જોવા મળ્યા હતા.



રાજ્યના પશુપાલન ખાતાના પ્રધાન પ્રેમ સિંઘે મિડિયાને કહ્યું કે મરેલા કાગડાના અંશો ડીઆઈ લેબમાં મોકલાયા હતા. મંદસૌર વિસ્તારમાં મરેલા કાગડામાં બર્ડ ફ્લૂ હોવાના પુરાવા મળી ગયા હતા. મોટે ભાગે પોલ્ટ્રી ક્ષેત્રના લોકોમાં આ રોગ ઝડપભેર ફેલાઈ શકે છે. કેરળમાં બતકો મરેલી મળી આવી હતી.

હિમાચલ પ્રદેશમાં કાંગડા વિસ્તારમાં પોંગ બંધ વિસ્તારમાં વિદેશથી આવેલા હજારો પક્ષીઓ મરેલા મળી આવ્યા હતા. ત્યારબાદ પોંગ ડેમ વિસ્તારમાં ઈંડાં અને માંસ વેચવા પર તત્કાળ પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. હવે હરિયાણાના બરવાલા વિસ્તારમાં રહસ્યમય રીતે એક લાખ મરઘી મરેલી જોવા મળી હોવાના અહેવાલે દહેશતનું વાતાવરણ સર્જ્યું હતું. ૧૧૦ પોલ્ટ્રી ફાર્મમાંના બે ડઝન પોલ્ટ્રી ફાર્મમાં મુરઘી ટપોટપ મરણ પામી હતી. રાજ્યના પશુપાલન વિભાગે મરેલી મુરઘીના અંશો જાલંધરની રિજ્યોનલ ડિસીઝ ડાયગ્નોસ્ટિક લેબોરેટરીમાં મોકલ્યા હતા. ગુજરાતમાં જુનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના બાંટવા નજીક એક સાથે ૫૩ પક્ષી મરેલાં મળી આવ્યાં હતાં. આ રિપોર્ટ મળતાં વન વિભાગની ટુકડી ત્યાં પહોંચી ગઈ હતી અને મરેલાં પક્ષીઓના પોસ્ટમોર્ટમ માટેની વ્યવસ્થા હાથ દરી હતી. અત્યારે હજુ કોરોનાની રસી આપવાની વ્યવસ્થા થઈ રહી હતી ત્યાં બર્ડ ફ્લૂના રિપોર્ટ આવ્યા હતા. આ રોગ પક્ષીઓ દ્વારા માણસમાં ફેલાતો હોય છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલ કમલેશકુમાર લક્ષ્મણસિંહ
મુ. ભથવાડા,
તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલ ગીતાબેન મનસુખભાઈ
મુ. રેઢાણ,
તા. દે.બારીઆ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૦૧ પોઝિટિવ કેસ નોંધાયો



લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રીઓનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૫-૦૧-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૫૭ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લા માં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષો, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાસમાં અત્યાર સુધીમાં કુલ ૧૮૭૭ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૧૧૦૦૨૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૯ દર્દી હોમ આઇસોલેશન, CCC લુણાવાડા, ૦૦ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૬ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૦ દર્દીઓ સ્ટેબલ અને ૦૫ દર્દીઓ ઓકિસજન પર તેમજ ૦૧ દર્દી વેન્ટીલેટર પર છે.

## મહીસાગરના સ્થાનિક સ્વરાજયના એકમ જિલ્લા તથા તાલુકા પંચાયતોની મતદાર યાદીની સ્થાનિક કક્ષાએ પ્રસિધ્ધિ

લુણાવાડા, આગામી ફેબ્રુઆરી-૨૦૨૧ માં જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય ચુંટણીઓ યોજવાની થાય છે. આ સ્વરાજ્ય એકમો માટેની મતદાર યાદી તા. ૦૫/૦૧/૨૦૨૧ ના રોજ સંબંધિત મતદાર નોંધણી અધિકારીઓએ સ્થાનિક કક્ષાએ પ્રાથમિક પ્રસિધ્ધ કરેલ છે. તેમ રાજય ચૂંટણી આયોગના નોડલ અધિકારી અને નિવાસી અધિક કલેકટર મહીસાગરની અખબારી યાદી દ્વારા જણાવ્યું છે.

# કાલોલના કાતોલની પરિણિતાને સાસરિયાઓએ ત્રાસ આપતા મહિલાનો જીવન ટુંકાવવાનો પ્રયાસ : સારવાર અર્થે ખસેડાઈ

કાલોલ, કાલોલ તાલુકાના કાતોલ ગામની પરિણિતાને પતિ, નણંદ સહિત સાસરિયાઓએ માનસિક અને શારીરિક ત્રાસ અપાતા પરિણિતાએ પોતાના હાથ પર બ્લેડ મારીને જીવન ટુંકાવી નાંખવાનો પ્રયાસ કરતા તેને ગંભીર હાલતમાં વડોદરાની સરકારી હોસ્પિટલમાં દાખલ કરાતા પોલીસે સાસરિયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરીને તપાસ હાથ ધરી છે.

કાલોલ તાલુકાના કાતોલ ગામની પરિણિતા પીંકીબેનના દોઢ વર્ષ પહેલા કાલોલ તાલુકાના કાતોલ ગામના સુરેશભાઈ જશવંતભાઈ પરમાર સાથે લગ્ન થયા હતા અને જીવનમાં તેઓએ એક સંતાન પણ છે. તેનો પીત સુરેશ મજુરી કામ કરતો હોવાથી પરિવારના ભરણ પોષણ માટે પિંકીબેન એક ખાનગી હોટલમાં નોકરી પરિવારનુ ગુજરાન ચલાવતી હતી. પરંતુ પરિવારમાં પિયરમાં રહેતી વિધવા નણંદ ગામમાં દેશી દારૂનો ધંધો કરતી હોય આ નણંદને વડોદરાના કોઈ રાજુભાઈ રાજપુત નામના ઈસમ સાથે આડા સંબંધો હોઈ આ રાજુભાઈ અવાર નવાર કાતોલ આવતો અને નણંદ સાથે રોકાતો ત્યારે આ પિંકીબેનને છુટાછેડા આપવા ચડામણી કરતો હતો. થોડા દિવસ અગાઉ એક સાંજે પરિણિતા નોકરી પરતી ઘરે આવી ત્યારે તેની તેણી નણંદે ચાંદીના છડા વેચી નાંખવાનો પરિણિતા પર આક્ષેપ લગાવી ઝઘડો કરી પતિ પાસે માર ખવડાવ્યો હતો. તદ્ઉપરાંત નણંદે છુટાછેડા આપી દેવાની વાત કરતા સાસરિયાઓના ત્રાસથી કંટાળીને પરિણિતા પોતાનુ ઘર અને પુત્રને છોડીને પોતાના પિયર અમદાવાદ જતી રહી હતી. છોકરાને લેવા માટે કાતોલ સાસરિમાં આવતા ઘરમાં આવવાની ના પાડી ઝઘડો કરી તેના પતિને ચઢાવી પતિ પાસે માર ખવડાવ્યો હતો. પરિણિતાને લાગી આવતા તેને પોતાના જમણા હાથમાં બ્લેડ મારી દેતા તેને સારવાર માટે વડોદરા એસએસજી હોસ્પિટલમાં ખસેડાઈ હતી.

સમગ્ર ઘટના અંગે કાલોલ પોલીસને જાણ કરતા કાલોલ પોલીસે એસએસજી હોસ્પિટલના કેમ્પથી ફરિયાદ નોંધાવતા પતિ સુરેશ જશવંત પરમાર, નણંદ પારૂલ નરેન્દ્ર પરમાર(બંને રહે.કાતોલ)અને નણંદનો સાગરિત રાજુભાઈ રાજપુત(રહે.વડોદરા)ત્રણેય સામે શારીરિક-માનસિક ત્રાસનો ગુનો નોંધી આગળની તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

## ઘોઘંબાના પોચલી રોડ પર બે ટ્રક પલ્ટી જતાં સદ્નસીબે કોઈ જાનહાનિ નહિ

ગોધરા, ઘોઘંબાના પોચલી પાસે રોડ બનાવવાના રો-મટીરીયલ્સ ભરી પસાર થતી બે ટ્રક એક જ સ્થળે પલ્ટી મારી ગઈ હતી. જે પણ એક જ સ્થિતિમાં. એક દિવસે એક ટ્રક અને બીજા દિવસે બીજી ટ્રક પલ્ટી મારી રોડની સાઈડમાં ખાબકી હતી. જો કે સદનસીબે બંને વાહનના ચાલકોનો આબાદ બચાવ થયો છે.

પંચમહાલ જિલ્લાના છેવાડે આવેલા ઘોઘંબા તાલુકાના પોચલી ગામ પાસે માર્ગ ઉપરથી રો-મટીરીયલ્સ ભરી પસાર થતી ટ્રક અચાનક જ રોડની સાઈડમાં પલ્ટી મારી જતાં દોડધામ મચી ગઈ હતી. જે ટ્રક યથાવત સ્થિતિમાં હતી દરમિયાન બીજા દિવસે રો-મટીરીયલ્સ ભરી પસાર થતી બીજી ટ્રક પણ એ જ સ્થળે ને એ જ સ્થિતિમાં પલ્ટી મારી જતાં સૌને આશ્ચર્ય થયુ હતુ. એક બાદ એક ટ્રક એક જ સ્થળે એક જ સ્થિતિમાં પલ્ટી મારવાની ઘટનાને પગલે ટ્રકના માલિક દોડી આવ્યા હતા. જો કે અકસ્માતમાં ચાલક કે અન્ય કોઈપણ વ્યકિતને ઈજાઓ નહિ પહોંચતા માલિકે રાહતનો શ્વાસ લીધો હતો. પલ્ટી મારી ગયેલી બંને ટ્રક મારફને છોટાઉદેપુર જિલ્લામાં નવીન માર્ગ બનાવવાની કામગીરી ચાલી રહી છે જેનુ રો-મટીરીયલ્સ લઈ જવામાં આવી રહ્યુ હોવાનુ જાણવા મળ્યુ હતુ.

## ગોધરા લીલેસરા વિસ્તારમાં ડમ્પર ચાલકે બાઈકને અડફેટે લેતા બાઈક ચાલકનું મોત

ગોધરા, ગોધરા તાલુકાના લીલેસરા ગામે આવેલા બામણિયા ફળિયામાં રહેતા જયેશભાઈ વસાવા અલ્પેશભાઈ તથા હરિશભાઈ બાઈક લઈને સુપ્રિમ હોટેલ તરફ જઈ રહ્યા હતા દરમિયાન પાછળથી પુરઝડપે આવી રહેલ ડમ્પરના ચાલકે પોતાના કબ્જાનુ ડમ્પર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને બાઈકને ટકકર મારી હતી. જેને લઈને બાઈક પર બેઠેલા જયેશભાઈ હરિશભાઈ અને અલ્પેશભાઈ ફંગોળાઈ ગયા હતા. જયેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓનુ ઘટના સ્થળે મોત નીપજ્યું હતુ. અકસ્માત બાદ ડમ્પર ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.

આ અંગે ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસે ડમ્પરના નંબરના આધારે ગુનો નોંધી ચાલકની શોધખોળ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

# કાલોલ બસ ડેપો પાસે સાસુ અને નણંદ દ્વારા મહિલા ઉપર જલદ પ્રવાહી નાંખી દેતા યુવતિ દાઝી

કાલોલ, કાલોલ બસ ડેપો પાસેથી જલદ પ્રવાહી નાંખવાથી દાઝી ગયેલી મહિલાને અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમે દોડી જઈ સારવાર અપાવી હતી. યુવતિના છુટાછેડા લઈ બીજા લગ્ન કરવામાં આવ્યા હતા. દરમિયાન અગાઉના પતિ સાથે સંબંધ હોવાના વ્હેમ રાખી તેણીના સાસુ અને નણંદે ઝઘડો કર્યો હતો. જેના બાદ યુવતિ ઉપર જલદ પ્રવાહી ફેંકતા યુવતિ પગમાં દાઝી ગઈ હતી. જો કે યુવતિએ પોતાના ઉપર થયેલા હુમલા અંગે કોઈની સામે કાર્યવાહી નહિ કરવાનુ જણાવતા અભયમ ટીમે યુવતિને તેના પિતાને સુપરત કરી હતી.

કાલોલ પંથકમાં રહેતી આ યુવતિના લગ્ન બાદ કોઈ કારણોસર છુટાછેડા થયા હતા. જેથી તેઓના પુનઃલગ્ન સામાજિક રીત રિવાજ મુજબ કરવામાં આવ્યા હતા. પરંતુ યુવતિ અગાઉના પતિ સાથે હાલમાં પણ સંબંધ રાખે છે તેવી શંકાના આધારે તેઓના ઘરમાં અવાર નવાર ઝઘડા થતા હતા દરમિયાન યુવતિને તેની નણંદ સાથે ઝઘડો થતાં યુવતિના સાસુ એ પણ ઝઘડો શરૂ કર્યો હતો. દરમિયાન ઉશ્કેરાયેલી સાસુ અને નણંદએ કોઈ જલદ પ્રવાહી ફેંકતા યુવતિના શરીર ઉપર થોડા છાંટા પડ્યા હતા. પરંતુ પગમાં વધુ પ્રવાહી પડતા તેઓ સખત રીતે દાઝી ગયા હતા. ૧૮૧ મહિલા ટીમે સૌપ્રથમ ૧૦૮ એમ્બ્યુલન્સ મોકલી નજીકની રેફરલ હોસ્પિટલમાં સારવાર અપાવી હતી. ત્યારબાદ અભયમે રેસ્કયુ વાન ગોધરા ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને હુમલો કરનાર સામે કાર્યવાહી કરવા બાબતે યુવતિની પુછપરછ કરતા યુવતિએ કોઈ કાર્યવાહી કરવી નથી એવુ જણાવતા પરિણિતાને તેના પિતાને સોંપવામાં આવી હતી.

# સુરતમાં ફાયર વિભાગ એકશનમાં: ફાયર સેફ્ટી મુદ્દે ૧૦ સ્કૂલને સીલ કરી દીધી




સુરત, સુરત શહેરમાં છેલ્લા કેટલાક સમયથી સતત ફાયર સેફ્ટીને મુદ્દે નોટિસ આપ્યા છતાં કેટલીક સંસ્થા અથવા સ્કૂલોએ ફાયર સેફ્ટી નહીં ઊભી કરતા હવે ફાયર વિભાગ તરફથી આકરા પગલાં લેવામાં આવ્યા છે. આ અનુસંધાને ફાયર વિભાગે ૧૦ જેટલી સ્કૂલોને સીલ કરી દીધી છે. સુરતમાં આજથી બે વર્ષ પહેલા સરથાણા વિસ્તારમાં આવેલા તક્ષશિલા આર્કેટમાં આગ લાગી હતી. આ આગમાં ૨૦ બાળકોનાં મોત થયા હતા. જે બાદમાં તંત્ર તરફથી ફાયર સેફ્ટી મુદ્દે મોટા પ્રમાણમાં કામગીરી કરવામાં આવી હતી. સુરતમાં આગ લાગ્યા બાદ તંત્રને ખ્યાલ આવ્યો હતો કે અનેક જગ્યા પર ફાયર સેફ્ટીની કોઈ વ્યવસ્થા જ નથી.

આવી મિલકતોને તંત્ર તરફથી ફાયર સેફ્ટી ઊભી કરવા માટે કહેવામાં આવ્યું હતું. આ મામલે તમામને નોટીસો પણ પાઠવવામાં આવી હતી. શહેરમાં આવેલી આવી મિલકતોને એક કરતા વધુ વખત નોટીસ આપવા છતાં તેમના તરફથી આજ દિવસ સુધી ફાયર સેફ્ટી ઊભી કરવામાં આવી નથી. આ મામલે હવે તંત્ર તરફથી લાલ આંખ કરવામાં આવી છે. આ મામલે એક અઠવાડિયા પહેલા શહેરની ૧ હજાર કરતા વધુ દુકાનો તંત્રએ સીલ કરવાની કાર્યવાહી કરી હતી.આજે ફરી એકવાર ફાયર વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. આ વખતે કાપડ માર્કેટ કે કોઈ આર્કેટ નહીં પરંતુ સ્કૂલો સામે લાલા આંખ કરીને ૧૦ જેટલી સ્કૂલોને સીલ કરી દેવામાં આવી છે. સ્કૂલોમાં સિલિંગની કાર્યવાહી શરૂ કરતા જ સંચાલકો દોડતા થયા છે.

સુરત વિભાગે જ સ્કૂલો સામે કાર્યવાહી કરી છે તેની યાદી આ પ્રમાણે છે. ૧) સ્વામીનારાયણ પરમસુખ વિદ્યા સ્કૂલ, સિમાડા ગામ, વરાછા. ૨) સાધના નિકેતન સ્કૂલ કારગીલ ચોક, વરાછા. ૩) સ્કોલર ઈંગલિશ સ્કૂલ, પાંડેસરા. ૪) અંકુર વિદ્યાલય, કતારગામ. ૫) યોગી વિદ્યાલય, કતારગામ. ૬) ગુરુકૃપા પ્લે ગ્રુપ અને નર્સરી સ્કૂલ, સગરામપુરા. ૭) પિંકલ પ્લે ગ્રુપ, સગરામપુરા. ૮) શ્રી ગોરધનદાસ સોનાવાલા મણિબા વિદ્યાલય, ગોપીપુરા. ૯) શ્રી સુરચંદ પાનાચંદ ઝવેરી ગર્લ્સ હાઈસ્કૂલ, ગોપીપુરા. ૧૦) શ્રી કેશ જોશ ડાયમંડ જયુંબલી પ્રાઈમરિ સ્કૂલ, શાહપોર.

## સંજેલીના હોળી ચકલા વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો દુર કરવા TDOને આદેશ

સંજેલી, દાહોદ જિલ્લાના સંજેલી તાલુકામાં તાજેતરમાં જ હોળી ફળિયામાં સ્થાનિક રહિશો દ્વારા ગેરકાયદેસરનુ દબાણ કરી બાંધકામ કરવામાં આવી રહ્યુ હતુ. જે આસપાસના લોકો માટે નડતરરૂપ હોય તેમજ લોકોની અવર જવરનો રસ્તો બંધ થઈ જતા તે સામે કેટલાંક રહિશોએ તેનો વિરોધ કર્યો હતો. સંજેલીના મહેન્દ્રભાઈ મોહનભાઈ ચારેલી તા.૧ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ ગ્રુપ ગ્રામ પંચાયત અને સંજેલી તાલુકા પંચાયત કચેરીમાં લેખિત રજુઆત કરી હતી. જે ધ્યાનમાં લઈ સંજલી તાલુકા વિકાસ અધિકારીએ આ ગેરકાદેસર બાંધકામ અટકાવીની ગેરકાયદેસરનુ થયેલ દબાણ દુર કરવાની કાર્યવાહી માટે લેખિત આદેશ આપવામાં આવ્યો છે. ત્યારે સંજેલી પંચાયત દ્વારા શુ કાર્યવાહી કરવામાં આવે તે હવે જોવુ રહ્યુ. આ બાબતે મહેન્દ્રભાઈ મોહનભાઈ ચારેલે સંજેલી મામલતદાર કચેરી તેમજ દાહોદ કલેકટર કચેરીમાં પણ રજુઆત કરી છે.

## દાહોદમાં ગોદીરોડ વિસ્તારમાં વરસાદના પાણીના નિકાલ માટે રાખવામાં આવેલ પાઈપો રસ્તા ઉપર નડતરરૂપ

દાહોદ, દાહોદમાં સ્માર્ટસિટીની કાર્યવાહી અંતર્ગત ગોદીરોડ વિસ્તારમાં પાણીના નિકાલ માટેની પાઈપો લાંબા સમયથી રસ્તા વચ્ચે નડતરરૂપ બની છે.

શહેરના ગોદીરોડ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની પાઈપલાઈન નાંખવા માટેની કાર્યવાહી માટે એક તરફ ઠેર ઠેર રસ્તા ખોદેલા છે. જેને લઈને આ વિસ્તારમાં લાંબા સમયથી ધુળની સામ્રાજ્ય ફેલાયુ છે. તો તે માટેની તોતિંગ પાઈપોનો જથ્થો રસ્તા વચ્ચે જ લાંબા સમયથી મુકી રખાતા સ્થાનિકોને આવાગમનમાં પારાવાર તકલીફો ઉભી થવા પામી છે. રસ્તા ખોદ્યા બાદ ઉપર માટી નાંખી દેવાતા સમગ્ર વિસ્તારમાં ધુળનુ સામ્રાજ્ય સર્જાયુ છે. સાથે લાંબા સમયથી પડેલી પાઈપોના લીધે લોકોને આવાગમનમાં પણ સમસ્યા ઉભી થતાં દરરોજ નાના-મોટા અકસ્માતો થાય છે.

# રાજ્યમાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં ઠંડીમાં વધારો થવાની આગાહી, નુકસાનની ભીતિ



રાજકોટ, માઉન્ટ આબુમાં ફરીથી ઠંડીએ જોર પકડયું છે. સોમવારે માઈનસ ૦.૫ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. માઉન્ટ આબુમાં ફરીથી શીતલહેર પ્રસરતાં ઠંડા પવનના સુસવાટા વચ્ચે માઉન્ટ આબુની ઘાટીઓમાં વાતાવરણ ઠંડુંગાર થઈ જવા પામ્યું છે. સહેલાણીઓ હાડ થિજાવતી ઠંડી વચ્ચે પણ માઉન્ટ આબુના જોવાલાયક સ્થળે ઊમટી રહ્યા છે. માઉન્ટ આબુના સૌથી ઊંચા ગુરુશિખર પર તાપમાનનો પારો માઈનસ બે ડીગ્રી નોંધાયો છે. નવા વર્ષની શરૂઆતમાં જ રાજ્યના વિવિધ ભાગોમાં હવામાનમાં પલટો જોવા મળ્યો છે. રાજ્યમાં ઠંડીનું જોર વધશે એવી હવામાન વિભાગ દ્વારા આગાહી પણ કરવામાં આવી છે. હવામાન ખાતાએ કરેલી આગાહી પ્રમાણે આગામી ત્રણ દિવસ મંગળવાર, બુધવાર અને ગુરુવારે સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લામાં અને કચ્છમાં કોલ્ડવેવની સ્થિતિ રહેશે. આ વિસ્તારોમાં હાડ થિજાવતી ઠંડી પડશે.

જાન્યુઆરી મહિનામાં ઠંડીનું જોર વધશે. અમદાવાદ શહેરમાં જાન્યુઆરી માસમાં લઘુતમ તાપમાનનો પારો ૯ ડીગ્રીથી નીચે ગગડવાનો સિલસિલો રહ્યો છે. અમદાવાદ સહિત રાજયભરમાં છેલ્લા કેટલાક દિવસથી ઠંડીમાં નજીવો ઘટાડો થયો છે. રાજ્યના મોટા ભાગનાં શહેરોનો લઘુતમ તાપમાનનો પારો ઊંચકાયો છે, જેને કારણે ઠંડી ઘટી છે. સોમવારે અમદાવાદ શહેરમાં લઘુતમ તાપમાન ૧૨.૮ ડીગ્રી નોધાયું હતું. ડીસાનું લઘુતમ તાપમાન ૧૧.૩ ડીગ્રી અને ગાંધીનગરનું ૧૧.૫ ડીગ્રી નોધાયું હતું. જોકે છેલ્લાં ૧૦ વર્ષના આંકડા અને હવામાન નિષ્ણાતોની આગાહી મુજબ જાન્યુઆરી માસમાં ઠંડીનું જોર વધશે. ભરશિયાળે હવામાનમાં પલટો આવતાં ઉત્તર ગુજરાતના અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં સોમવારે કમોસમી વરસાદ વરસતાં ખેડૂતો ચિંતાતુર થયા હતા.

આ સિવાય સુરતના ચીખલી અને ખેરગામમાં પણ આજે માવઠું થતાં શેરડીની કાપણી માટે આવેલા શ્રમિકોની સ્થિતિ કફોડી બની હતી. ભરશિયાળે કમોસમી વરસાદ વરસતાં વરિયાળી, ચણા, બટાકા, જીરું સહિતના પાકને નુકસાની થવાની ભીતિ સર્જાઈ છે. સોમવારે બપોરે પોશીના પંથકમાં માવઠું થયું હતું. જાન્યુઆરીમાં પણ કમોસમી વરસાદને કારણે રવીપાક, ચીકુ, કેરી, શાકભાજી સહિતના ખેતી પાકોને નુકસાનની ભીતિને પગલે જગતનો તાત ચિંતાતુર બન્યો છે. કમોસમી વરસાદને પગલે આવનારી સીઝનમાં કેરીના પાકને મોટે પાયે નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

## દેશમાં UKના કોરોના વાયરસવાળા વધુ ૨૦ કેસ મળ્યા, કુલ આંક ૫૮ થયો

ન્યુ દિલ્હી, ભારતમાં ભલે કોરોના વાઈરસની વૅક્સીનેશનની તૈયારીથી લોકો રાહતનો શ્વાસ લઈ રહ્યાં હોય, પરંતુ બ્રિટનના નવા કોરોના વાઈરસ સ્ટ્રેનથી ચિંતા પણ વધી ગઈ છે. ભારતમાં બ્રિટનનો કોરોના વાઈરસનો નવો સ્ટ્રેન ઝડપથી ફેલાઈ રહ્યો છે અને તેના કેસોમાં પણ વૃદ્ધિ જોવા મળી રહી છે. બ્રિટનથી પરત ફરેલા વધુ ૨૦ લોકોમાં કોરોના વાઈરસના આ નવા સ્ટ્રેનથી સંક્રમિત મળી આવ્યા છે. આ સાથે જ આ વાઈરસથી પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૫૮ પર પહોંચી ચૂકી છે. કોરોના વાઈરસ સંક્રમણના મળેલા નવા સ્ટ્રેન સાર્સ-ઝ્ક-૨થી દેશમાં અત્યાર સુધી ૫૮ લોકો સંક્રમિત થઈ ચૂક્યાં છે. મંગળવારે ૨૦ નવા કેસ સામે આવ્યા બાદ નવા સ્ટ્રેનથી સંક્રમિતોનો કુલ આંકડો ૫૮ પર પહોંચ્યો છે. જણાવી દઈએ કે, આ તમામ ૨૦ નવા કેસ પૂણીની લેબમાં મળ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, બ્રિટનના આ નવા પ્રકારના જીનોમ સાથે જ દેશમાં અત્યાર સુધી કુલ ૫૮ સેમ્પલમાં તેની પુષ્ટિ થઈ છે. સરકારના જણાવ્યા મુજબ, સંક્રમિત લોકોની સાથે મુસાફરી કરનારા લોકો અને તેમના પરિવારના સભ્યો સાથે અન્ય સંપર્કોની શોધ કરવા માટે મોટા પાયે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેથી સંક્રમણને ફેલાતુ અટકાવી શકાય. જણાવી દઈએ કે, બ્રિટનમાં મળેલા કોરોના વાઈરસના નવા સ્ટ્રેનથી ડેનમાર્ક, નેધરલેન્ડ, ઓસ્ટ્રોલિયા, ઈટલી, સ્વીડન, ફ્રાન્સ, સ્પેન, સ્વીત્ઝરલેન્ડ, કેનેડા, જાપાન, લેબનાન અને સિંગાપુરમાં અનેક લોકો સંક્રમિત થઈ ચૂક્યાં છે. બ્રિટને આ નવા સ્ટ્રેનના કારણે સમગ્ર દેશમાં પૂર્ણ લૉકડાઉન લાગૂ કરી દીધુ છે. જે ફેબ્રુઆરી સુધી લાગૂ રહેશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૬-૦૧-૨૦૨૧, બુધવાર, માગશર વદ-૮, સૂર્યોદય-૭-૨૯, સૂર્યાસ્ત-૬-૧૫, જૈન નવકારશી-૮-૧૭, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્ર: હસ્ત

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૭-૨૯થી લાભ-અમૃત-૧૦-૧૧ સુધી ૧૧-૩૨થી શુભ-૧૨-૫૩ સુધી, ૧૫-૩૫થી ચલ-અમૃત-ચલ૧૮-૧૭ સુધી, ૧૯-૫૬થી શુભ-અમૃત-ચલ-૨૪-૫૩ સુધી

- શુભ હોરા-
૭-૨૯થી ૯-૧૭ સુધી,૧૦-૧૧થી ૧૧-૦૫ સુધી,૧૨-૫૩ થી ૧૫-૩૫ સુધી,૧૬-૨૯થી ૧૭-૨૩ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૬.૦૧.૨૦૨૧ બુધવાર

મેષ(અ.લ.ઈ.) :- મિલન મુલાકાતની ઈચ્છા યેનકેન પ્રકારે ફળવાની - વ્યર્થ દલીલ બાજી ટાળજો પ્રવાસની ઈચ્છા ફળવાની.
વૃષભ(બ.વ.ઉ.) :- નોકરીમાં કોઈ મનગમતો લાભ મળે વિજાતીય વ્યકિતની મુલાકાત થાય કર્જ માં રાહત રહે.
મિથુન(ક.છ.ઘ.) :- મિથુન : ભાઈ-બહેનો સાથે ધંધાનું આયાજન થાય નોકરીમાં બદલીની શકયતા શેર સટાથી દૂર રહેજો.
કર્ક(ડ.હ.) :- તમારો ચાર્મ જળવાઈ રહેવાનો વિદેશથી સમાચાર આવે માનસિક ટેન્શન પણ રહેવાનું આત્મ વિશ્વાસમાં વધારો.
સિંહ(મ.ટ.) :- બીજાને મદદ કરવાની ઈચ્છા ફળવાની વિરોધીઓથી સાવધાની રાખવી કર્જ ન કરવુ. પ્રવાસ થાય.
કન્યા(પ.ઠ.ણ.) :- મહત્વના કાર્યો બીજાને ભરોશે ન છોડતા આત્મ વિશ્વાસ જાળવી રાખજો. નોકરીમાં સ્થીરતા રાખવી.
તુલા(ર.ત.) :- કાર્ય શકિત વધવાની છે. રોજીંદા કાર્યમાં અનુકુળતાઓ જોવા મળે. શેર સટામાં લાભ રહે લાંબા ગાળાનું આયોજન કરવું.
વૃશ્ચિક(ન.ય.) :- સગા-સ્નેહીજનો સાથે ગેર સમજો દુર થાય. શેર સટામાં જાળવવું વિદેશ સાથેના વ્યવસાયમાં નવુ આયોજન સફળ થાય.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવે મિલકતના પ્રશ્નોમાં અનુકુળતા રહે. લગ્ન જીવનમાં ગેર સમજો બાબત તકેદારી રાખવી.
મકર(ખ.જ.) :- સંતાનોની સગાઈ લગ્નના કાર્યોમાં અવરોધો દૂર થાય મનગમતી વ્યકિતની મુલાકાત થી લાભ પ્રવાસમાં અનુકુળતા
કુંભ(ગ.શ.સ.) :- આરોગ્યના પ્રશ્નોમાં સફળતા મળવાની નવી મિત્રતા લાભદાયક રહેશે. જમીન મકાનની ખરીદીની ઈચ્છા ફળવાની.
મીન(દ.ચ.ઝ.) :- સામાજીક પ્રતિષ્ઠા બાબત સંઘર્ષનો સામનો રહેવાનો નોકરીમાં સ્થીરતા રાખવી. સ્થળાંતરની ઈચ્છા પ્રબળ થાય.

ગુજરાતને છે વિશ્વાસ,
હારશે કોરોના,
જીતશે ગુજરાત...







કોરોના મહામારી દરમિયાન ગુજરાત સરકારની શ્રેષ્ઠ કામગીરી

- કોવિડ-૧૯ નો પ્રથમ કેસ નોંધાયાના ગણતરીના દિવસોમાં ૨૨૦૦ બેડ્સની ક્ષમતા સાથે રાજ્યના ચાર મહાનગરોમાં ડેડિકેટિડ કોવિડ-૧૯ હોસ્પિટલોની સ્થાપના
- સારવાર માટે PPP મોડલ : ૫૦% બેડ્સને સરકારી ફંડ આપીને ખાનગી હોસ્પિટલોનું કોવિડ-૧૯ હોસ્પિટલમાં રૂપાંતર કર્યુઃ ગુજરાત સરકારના આ PPP મોડલની ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટે પણ કરી પ્રશંસા
- ડોર-ટુ-ડોર આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે ધન્વંતરી આરોગ્ય રથની શરૂઆત
- WHO એ ધન્વંતરી રથ મોડલની કરી પ્રશંસાઃ અન્ય દેશોને પણ આ મોડલને અનુસરવા કરી ભલામણ
- કોરોનાના તત્કાલીક ટેસ્ટિંગ માટે ૧૦૪ અને માનસીક સારવાર માટે હેલ્પલાઈન ૧૧૦૦ની શરુઆત કરી
- કોરોના સંક્રમણ પર કાબૂ મેળવવા માટે રાજ્યમાં ટ્રેસિંગ, ટેસ્ટિંગ અને ટ્રીટમેન્ટની 3T સ્ટ્રેટેજીનો અમલ
- કોરોનાગ્રસ્ત દર્દીઓને ત્વરિત સારવાર ઉપલબ્ધ કરવા માટે રાજ્યમાં ૩ ટિયર સ્ટ્રેટેજીનો અમલ, જે
  - અંતર્ગત અતિગંભીર દર્દીઓની સારવાર માટે ડેડિકેટેડ કોવિડ હાસ્પિટલ (DCH),
  - મધ્યમથી ગંભીર લક્ષણોવાળા દર્દીઓ માટે ડેડિકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર્સ (DCHC) અને
  - સાધારણ લક્ષણોવાળા દર્દીઓ માટે ડેડિકેટેડ કોવિડ કેર સેન્ટર્સ (DCCC)ની સ્થાપના
- વિદેશો કે દેશના અન્ય રાજ્યોમાંથી ગુજરાત આવતા લોકો માટે નિઃશુલ્ક ઈન્સ્ટિટ્યૂશનલ ક્વોરન્ટાઈનની સુવિધા ઉપલબ્ધ
- ડ્યૂટી દરમિયાન કોરોના લાગુ થઈ જવાને કારણે મૃત્યુ પામનાર કોરોના વોરિયર્સના પરિવારજનોને રાજ્ય સરકાર તરફથી રૂ. ૨૫ લાખની આર્થિક સહાય
- રેમડેસિવીર અને ટોસિલિઝુમેબ જેવા મોંઘા ઈન્જેક્શન નિઃશુલ્ક આપી હજારો લોકોના જીવ બચાવાયા
- રાજ્યમાં વેક્સિન વિતરણની તમામ વ્યવસ્થાઓ પૂરી કરવામાં આવી

કોરોના સામેની લડાઈ ગુજરાત કટિબદ્ધતાથી લડી રહ્યુ છે

કોરોનાના દર્દીઓ માટે રાજ્યમાં સરકારી અને ખાનગી મળીને કુલ ૫૫,૫૫૯ બેડ્સ ઉપલબ્ધ


અત્યાર સુધી ૧ કરોડથી વધુ ટેસ્ટ કરવામાં આવ્યા

કુલ ૧૩૫૦ ધન્વંતરી રથ કાર્યરત,જેના દ્વારા ૨.૫ કરોડથી વધુ OPD કરવામાં આવી

રાજ્યમાં ૩૧૭ DCH, ૧૦૨ DCHC અને ૩૨૦ DCCC કાર્યરત

રાજ્યનો રિકવરી રેટ ૯૪.૧૫%

નિર્ણાયક નેતા,
મજબૂત સરકાર



ગુજરાત રાજ્યના તમામ નાગરિકોનાં આરોગ્ય અને સુખાકારી માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે.
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# દાહોદ જીલ્લામાં ૪ અલગ અલગ સ્થળેથી ૧.૮૫ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ જિલ્લામાં નવા વર્ષના આરંભ સાથે જ જિલ્લા પોલીસ દ્વારા પ્રોહી તેમજ ગેરકાયદે પ્રવૃતિઓને ડામવા જિલ્લામાં કોમ્બીંગ સહિતની કામગીરીનો આરંભ કરતાંની સાથે જ જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી કરતાં તત્વો પર લગામ કસવા પોલીસ સજ્જ બની છે. દાહોદ જિલ્લામાં વિતેલા ચોવીસ કલાકની અંદર પ્રોહીના બનેલા ૪ બનાવોમાં પોલીસે કુલ રૂા.૧,૮૫,૧૫૦ ના પ્રોહી જથ્થા સાથે ત્રણ જણાની અટક તેમજ મોટરસાઈકલો તેમજ ફોર વ્હીલર ગાડીઓ પણ જપ્ત કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

પ્રોહીનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના દેલસર ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૪મી જાન્યુઆરીના રોજ દાહોદ તાલુકાના દેલસર અને ગોડી રોડ વિસ્તારમાં રહેતાં શૈલેષભાઈ ચેતનાભાઈ ડામોર અને તેની સાથે હિમાંશુ નિરંજનભાઈ ધોબી આ બંન્ને જણા પોતાના ગામમાં લગ્ન પ્રસંગ હોય લગ્ન પ્રસંગમાં દારૂની મહેફીલ માણવા માટે મધ્યપ્રદેશના સાતશેરા ગામે રહેતો મહેશભાઈ દહમા પાસેથી વિદેશી દારૂની પેટીઓ નંગ.૦૪ જેમાં બોટલો નંગ.૧૯૨ કિંમત રૂા.૨૫,૯૨૦ નો પ્રોહી જથ્થો મોટરસાઈકલ પર લઈ દેલસર ગામેથી પસાર થતાં હતા. તે સમયે પેટ્રોલીંગમાં નીકળેલ પોલીસને આ બંન્ને જણાઓ ઉપર શંકા જતાં તેઓને ઉભા રખાવી તલાસી લેતાં આ વિદેશી દારૂ સાથે બંન્નેને ઝડપી પાડી દાહોદ તાલુકા પોલીસે ઉપરોક્ત ત્રણેય ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ દાહોદ જિલ્લાના સીંગવડ ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૦૪ જાન્યુઆરીના રોજ સીંગવડ ગામે રહેતો ગીરવરસિંહ ઉર્ફે ગીરીશભાઈ બારીયા પોતાના કબજાની ઈકો ગાડી લઈ તેમાં વિદેશી દારૂ ભરી હેરાફેરી કરતો હતો. જેમાં ગત તા.૦૪ જાન્યુઆરીના રોજ ગીરવરસિંહ ફરી વિદેશી દારૂ ભરી સીંગવડ ગામેથી પસાર થતો હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે સીંગવડ ગામે વોચ ગોઠવી ઉભા હતા. તે સમયે આ ગીરવરસિંહ પસાર થતાં તેની ગાડી સાથે અટકાયત કરી ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની બોટલો નંગ.૩૫૨ કિંમત રૂા.૩૨,૩૦૦નો જથ્થો જપ્ત કરી ગીરવરસિંહ ઉર્ફે ગીરીશભાઈ બારીયા વિરૂધ્ધ રણધીકપુર પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો ત્રીજો બનાવ પણ સીંગવડ તાલુકામાં બનવા પામ્યો હતો ગતરોજ છાપરી ગામે પટેલ ફળિયામાં રહેતો મોહનભાઈ બચુભાઈ પટેલ પોતાના કબજાના ખેતરમાં વિદેશી દારૂ સંતાડી રાખ્યો હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે ઓચિંતી પ્રોહી રેડ પાડતાં મોહનભાઈ નાસી જવામાં સફળ રહ્યો હતો અને પોલીસે ખેતરની તલાસી લેતાં સંતાડી રાખેલ વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૬૯૬ કિંમત રૂા.૯૫,૦૪૦ નો પ્રોહી જથ્થો પોલીસે કબજે લઈ પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ચોથો બનાવ સીંગવડ તાલુકાના કેશવપુર ગામે બનવા પામ્યો હતો. જેમાં ગતરોજ તળાવડા ફળિયામાં રહેતી શકરીબેન રમેશભાઈ પટેલ પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો વેપલો કરતી હોવાની પોલીસને બાતનમી મળતાં પોલીસે આ સ્થળે ઓચિંતી પ્રોહી રેડ પાડતાં શકરીબેન પોલીસને જોઈ નાસી જવામાં સફળ રહી હતી. ત્યારે પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૨૫૨ કિંમત રૂા.૩૧,૮૯૦ નો પ્રોહી જથ્થો કબજે લઈ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના રાબડાળ ગામની સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ તાલુકાના રાબડાળ ગામે એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

રાબડાળ ગામે તળાવ ફળિયામાં રહેતો અજય દિલીપભાઈ માવીએ ગત તા.૨૧મી ડિસેમ્બરના રોજ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવાના ઈરાદે રાબડાળ ગામેથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દે.બારીઆની પરણિતાને સાસરીયાએ ઘર માંથી કાઢી મૂકતાં ફરિયાદ

દાહોદ,
દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી અને મહીસાગરના સંતરામપુર તાલુકામાં પરણાવેલ એક પરણિતાને પતિ તથા સાસરીયાઓ દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપી ઘરમાંથી પહેરેલ કપડે કાંઢી મુકતાં પરણિતા દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવ્યાંનું જાણવા મળે છે.

હાલ દેવગઢ બારીઆ નગરમાં ગોકુલ સોસાયટીમાં પોતાના પીયરમાં રહેતી ૩૪ વર્ષીય અલ્પનાબેન અમિતસિંહ ખાંટના લગ્ન મહીસાગર જિલ્લામાં સંતરામપુર તાલુકાના ડોળી ગામે રહેતા અમિતસિંહ રામસિંહ ખાંટ સાથે થયા હતાં. લગ્નના થોડા સમય સુધી અમિતભાઈ તથા તેમના પરિવારજનો દ્વારા અલ્પનાબેનને સારૂ રાખ્યા બાદ પોત પ્રકાશ્યું હતું અને અવાર નવાર મેણા ટોણા મારી કહેતા હતાં કે, અમારે નોકરીવાળી લાવવાની છે, તું ઘરમાંથી નીકળી જાં, તારે અને મારે કોઈ સંબંધ નથી, તેમજ કહી અમિતસિંહ અવાર નવાર અલ્પનાબેન સાથે ઝઘડો તકરાર કરી હેરાન પરેશન કરતો હતો. આ ઝઘડામાં અમિતસિંહના પરિવારજનોમાંથી રામસિંહ ગોબરસિંહ ખાંટ, વર્ષાબેન રામસિંહ ખાંટ અને સોનલબેન જગદીશભાઈ ખાંટ વિગેરે પણ અમિતસિંહને સાથ સહકાર આપી ચઢામણી કરી અલ્પનાબેનને શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ અલ્પનાબેન અમિતસિંહ ખાંટ દ્વારા પોતાના પીયરમાં આવી પહોંચી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદ ખાતે પતંજલિ યોગ શિબિર સમિતિનો સ્નેહ સંમેલન યોજાયો

દાહોદ,
આજરોજ પતંજલિ યોગ સમિતી દાહોદ ના સ્નેહમિલન સમારોહ અવંતિકા રિસોર્ટ ખાતે યોજાયો. જેમા પરિવાર ના ૧૫૦ સભ્યો હાજર રહ્યા. ઝાયડસ મેડિકલ કોલેજ દાહોદના આસીટન્ટ પ્રોફેસર ડો.ચારૂશીલામેડમના નેતૃત્વમાં ઝાયડસ કોલેજની ટીમ દ્વારા પતંજલિના રોજ યોગ કરતા સાધકો, ક્યારેય યોગ ન કરતા વ્યકિતઓ અને મધુપ્રમેહ થી પીડાતા વ્યકિતઓનું બ્લડપ્રેશર, ઈસીજી વગેરે ચેક અપ કરી ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલની જર્નલ માટેનો ડેટા તૈયાર કરાયો. જેમાં યોગ થી શરીરમાં થતા ફેરફાર વૈજ્ઞાનિક સાબિત થયા. સ્નેહમિલનમાં પતંજલિ યોગ સમિતીના સંસ્થાપક હરેશભાઈ કડકીયા એ મહર્ષિ પતંજલિના પાતંજલ યોગ સૂત્રના પાયાના સિદ્ધાંતોના ભાવાર્થ થી સાધકો ને અવગત કર્યા, પતંજલિ યોગ સમિતીના પાંચેય સંગઠનના પ્રભારી એ હાજરી આપી. વ્યવસ્થાપક કમિટી તથા અવંતિકા રિસોર્ટ ની ટીમ ના જહેમત ભર્યા સહકાર થી કાર્યક્રમ ખૂબ સફળ થયો..પુનઃ યૌગિક કાર્ય ને વેગ મળવા બદલ અભિનંદન ટીમ પતંજલિ ..ઓમ.

## સુરતમાં ભારતીય સોની સમાજના ઉપક્રમે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ અધ્યક્ષસ્થાને સન્માન સમારોહ યોજાશે

દે.બારીઆ,
અખિલ ભારતીય સોની સમાજના નેજા હેઠળ સુરત ખાતે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના અધ્યક્ષપણામાં સોની સંમેલન યોજાશે. જેમાં સમસ્ત ભારત સહિત ગુજરાત રાજ્યના સોની સમાજના રાજકીય, સેવાકીય અને સામાજિક આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકર્તાઓને સન્માનિત કરવામાં આવનાર છે. દાહોદ જિલ્લામાંથી ભાજપના મહામંત્રી તરીકે રિપીટ થવા બદલ નરેન્દ્રભાઈ સોનીનું અતિથિ વિશેષ તરીકે સન્માન કરવામાં આવશે.

સુરતના વેડ રોડ કેશવ ફાર્મ ખાતે આગામી ૭ તારીખના રોજ અખિલ ભારતીય સોની સમાજની એકતાની શકિત પ્રદર્શન કરી સમાજને નવી રાહ ચીંધશે. જેમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના વરદ હસ્તે સન્માન સમારોહ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ભાજપ મહામંત્રી નરેન્દ્રભાઈ સોની, દાહોદથી હર્ષવર્ધનભાઈ સોની, નિકુંજભાઈ સોની, અશોકભાઈ સોની, સુમનભાઈ સોની, ગરબાડાથી આશિષભાઈ સોની, દેવગઢબારિયાથી રાજુભાઈ સોની સહિતના અગ્રણીઓનું રાજકીય, સામાજિક અને સેવાકીય ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપવા બદલ સન્માનિત કરાશે. આ સન્માન સમારોહ પ્રસંગે સમસ્ત ભારતીય સોની સમાજને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા હાકલ કરવામાં આવી છે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા પાલિકા વહીવટદાર એકશનમાં : વેરાવિભાગ દ્વારા મિલ્કતનો વેરો ન ભરનારની મિલ્કત કરાઈ સિલ



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

ગોધરા નગર પાલિકા દ્વારા કોર્મશીયલ મિલ્કતો અને રહેણાંક મિલ્કતના બાકી નિકળતા વેરાની વસુલાત માટે પાલિકા દ્વારા બે ટીમ દ્વારા વેરા વસુલાતની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આજરોજ નગર પાલિકાના વેરા વસુલાત ટીમ દ્વારા સ્ટેશન રોડ વિસ્તારની બે દુકાનોના સીલ કરવામાં આવી છે. જ્યારે ૩.૫૦ લાખ રૂપીયાની વેરાની રકમ રીકવર કરવામાં આવી છે. બાકી નિકળતા મિલ્કત વેરા માટે નગર પાલિકાની ઝુંબેશને લઈ બાકી પડતા લેણાદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

ગોધરા નગર પાલિકા વિસ્તારના રહેણાક અને કોર્મશીયલ મિલ્કતોના કરોડો રૂપીયાના મિલ્કત વેરાની રકમ બાકી પડે છે. લોકો સમયસર મિલ્કત વેરાની રકમ ભરતા ન હોવાની પાલિકાની આર્થિક સ્થિતી કથડી રહી છે. ત્યારે નગર પાલિકા વેરા વિભાગ દ્વારા શહેરમાં કોર્મશીયલ મિલ્કતો અને રહેણાંક મિલ્કતોના બાકી નિકળતા વેરાની વસુલાત કરવા માટે બે ટીમો બનાવવામાં આવી છે. છેલ્લા એક સપ્તાહ થી પાલિકા વેરા વિભાગ દ્વારા શહેરના વિસ્તારોમાં મિલ્કતવેરાની વસુલાત હાથ ધરવામાં આવી છે. પાલિકા વેરા વિભાગની ટીમો દ્વારા મિલ્કત વેરાની વસુલાત કરવામાં આવતાં મિલ્કત વેરાના બાકી લેણદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. આજરોજ ગોધરા શહેરના સ્ટેશન રોડ વિસ્તારમાં કોર્મશીયલ અને રહેણાંક મિલ્કતોના વેરાની વસુલાત હાથ ધરવામાં આવી હતી. જેમાં સ્ટેશન રોડ વિસ્તારની બે દુકાનો સીલ કરવામાં આવી છે. પાલિકા વેરા વિભાગની વેરા વસુલાત ટીમ દ્વારા મિલ્કત વેરાની બાકી પડતા વેરાની રકમ ન ભરતાં દુકાનો સીલ કરવામાં આવતાં અન્ય વેરાની રકમ બાકી હોય તેવા મિલ્કતધારકોમાં ફફડાટ જોવા મળ્યો છે. આજરોજ પાલિકા વેરા વિભાગની ટીમ ૩.૫૦ લાખની રીકવરી વસુલાત કરવામાં કરવામાં આવી છે.

## મિલ્કત વેરા વસુલાત ટીમે સ્ટેશન રોડની બે દુકાનો સીલ કરી

### પાલિકા વેરા વિભાગની ટીમે પાંચ દિવસમાં ૯૪ લાખના વેરાની વસુલાત કરી

ગોધરા નગર પાલિકાના વેરા વિભાગ દ્વારા કોર્મશીયલ અને રહેણાંક મિલ્કતોના બાકી નીકળતા વેરાની વસુલાત માટે બે ટીમો બનાવવામાં આવી છે. મિલ્કત વેરાની વસુલાત કરતી બે ટીમો દ્વારા ૧ જાન્યુઆરી- ૫ જાન્યુઆરી સુધીના પાંચ દિવસમાં ૯૪ લાખ રૂપીયાની રીકવરી કરવામાં આવી છે.

### ગોધરા પાલિકામાં વહીવટદાર નિમણૂંક થતાં મિલ્કત વેરાની વસુલાત કડકપણે હાથ ધરાઈ

ગોધરા નગર પાલિકામાં ચુંટાયેલ પાંખની મુદ્દત પુરી થતાં પાલિકા વેરા વિભાગની ટીમ સક્રિય થઈ છે. પાલિકા વિસ્તનારની કોર્મશીયલ અને રહેણાંક મિલ્કતોના બાકી પડતા વેરાની રકમ કરોડો રૂપીયા બાકી પડે છે પરંતુ પાલિકાના સત્તાધારી પક્ષો શાસનમાં મિલ્કતવેરાની વસુલાય યોગ્ય રીતે થતી ન હતી પરંતુ પાલિકાની છુટા વહીવટદાર અધિકારીને સોંપવામાં આવી છે. સાથે પાલિકા વિસ્તારમાં બાકી પડતી મિલ્કત વેરાની વસુલાત હાથ ધરવામાં આવી.

# શહેરામાં આત્મવિલોપનના પ્રયાસમાં ધરપકડ કરાયેલ ૮ વ્યક્તિઓને બે દિવસમાં સક્ષમ જામીન રજૂ કરવાની શરતે છુટકારો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના વલ્લવપુર ગામના આઠ વ્યક્તિઓએ સોમવારે તાલુકા સેવા સદન બહાર આત્મવિલોપન કરવાનો પ્રયાસ કર્યો હતો. જેઓને પોલીસે રોકીને જરૂરી કાર્યવાહી હાથધરી હતી.જ્યારે મંગળવારના રોજ સાંજના પાંચ વાગ્યા પછી પોલીસ દ્વારા આઠેય વ્યક્તિઓને જામીન માટે મામલતદાર કચેરી ખાતે તમામને રજૂ કર્યા હતા. રાત્રીના ૭.૩૦કલાકે તમામનો જામીન પર છોડતાં પહેલા આગામી બે દિવસમાં સક્ષમ જામીન રજૂ કરવાની શરતે છોડવામાં આવ્યા.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના વલ્લવપુર ગામની સર્વે નંબર 657 B (9814)માં ખોટી રીતના એક પાકી અને બે કાચી નોંધ પાડવામાં આવી હોવાના આક્ષેપ સાથે વલ્લવપુર ગામના આઠ વ્યક્તિઓ મામલતદાર કચેરીની બહાર સોમવારના રોજ અંદાજે ૩ વાગ્યાના સુમારે આત્મવિલોપન કરવા આવ્યા હતા. પરંતુ આઠેય વ્યક્તિઓ આત્મવિલોપન કરે તે પહેલા પોલીસે તેમને આત્મવિલોપન કરતા રોકીને પ્રાંત સમક્ષ રજુ કર્યા હતા. ત્યારબાદ આઠેય વ્યક્તિઓને પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા અને કોવિડ–૧૯ની માર્ગદર્શિકા મુજબ તમામનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. પોલીસે આત્મવિલોપન કરનાર જશપાલસિંહ સોલંકી, શક્તિસિંહ સોલંકી, યુવરાજસિંહ સોલંકી, ગજેન્દ્રસિંહ સોલંકી, યોગેન્દ્રસિંહ સોલંકી, પૃથ્વીસિંહ સોલંકી, અરવિંદ નાયક અને મુકેશ નાયક આ તમામની અટકાયત કરીને ૧૦૭ અને ૧૫૧ ની કલમ મુજબની કાર્યવાહી હાથધરી લોકઅપમાં મુકી દીધા હતા. જોકે આત્મવિલોપન કરનાર તમામને મંગળવારના રોજ સાંજના ૫ઃ૨૦ વાગ્યે પોલીસ બંદોબસ્ત વચ્ચે મામલતદાર કચેરી ખાતે જામીન માટે રજુ કરવામાં આવ્યા ત્યારે મામલતદાર દ્વારા ૮ વ્યક્તિઓને આગામી બે દિવસમાં સક્ષમ જામીન રજૂ કરવાની શરતે રાત્રીના સમયે છોડવામાં આવ્યા.

# હાલોલ સનફાર્મા કંપની દ્વારા તરખંડા પ્રા.શાળાને મોડલ સ્કુલમાં રૂપાંતર



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલ તાલુકાના તરખંડા ગામ ખાતે સન ફાર્મા કંપની દ્વારા ભારતની ખ્યાતનામ દવા બનાવતી કંપની છે સન ફાર્મા આધુનિક સમયની જરૂરિયાતવાળી દવાઓ બનાવવાની સાથે સાથે સમાજ માટે સેવાના ઉત્તમ કાર્ય કરે છે. જેમાં સન ફાર્માના સી.એસ.આર. વિભાગ દ્વારા શિક્ષણ ગ્રામ્ય વિસ્તારનો વિકાસ જળ સંરક્ષણ, સ્વચ્છતાની જાગૃતિ અને પર્યાવરણની જાળવણી માટેના કર્યા છે. સન ફાર્મા કંપની હાલોલ દ્વારા મોડલ સ્કૂલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત પ્રાથમિક શાળા તરખંડમાં વિવિધ સુવિધાઓ પુરી પાડી મોડલ સ્કૂલ બનાવવામાં આવી. જે અંતર્ગત શાળની ભૌતિક સુવિધાઓનો વિકાસ કરી શાળામાં અભ્યાસ કરતા બાળકોના શિક્ષણ માટેની જરૂરિયાતમાં વધારો કરી શાળામાં ઉભી કરેલી સુવિધાઓ જેવી કે ડિજિટલ કલાસ રૂમ કેમ્પસ ડેવલોપમેન્ટ મધ્યાહન ભોજન કામ મલ્ટી પરપઝ શેડ શાળા રંગ રોગાન શાળા બગીચાનું નિર્માણ સેફ્ટી ગ્રીલ અને ફેન સિંગ રેન વોટર હેસ્ટિગ જેવી સુવિધાઓ આપેલ છે. જેમાં તરખંડ પ્રાથમિક શાળામાં કરેલ કાર્યનું લોકાર્પણ અઝદરખાન તથા કંપનીના અન્ય પદ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ છે અને હાલોલ સન ફાર્મા કંપનીના પ્રતિકભાઈ પંડયા અને ડે.સરપંચ મહેન્દ્રસિંહ ચાવડા તથા અન્ય ગ્રામજનો હાજર રહયા હતા. સન ફાર્મા કંપનીનું આ કાર્ય સૂર્યના તેજ સમાન અને શાળાઓ અને ગ્રામજનો માટે વરદાનરૂપ સાબિત થઈ રહ્યું છે.

# ગોધરા તાલુકાના કોટડા ગામની પરણિતાને પતિ દ્વારા ત્રાસ આપતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના કોટડા ગામે રહેતી પરણિતાને પતિ એ તું મને ગમતી નથી. મારે બીજી બૈરી લાવવી છે. તેમ કહી શારીરિક માનસીક ત્રાસ આપતાં મહિલા એ ગોધરા મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના કોટડા ગામે રહેતા રાધાબેનને લગ્ન થયાના એક વર્ષથી આજ દિવસ સુધી તેના પતિ અક્ષય યોગેશભાઈ બારીયા એ તું મને ગમતી નથી. મારે બીજી બૈરી લાવવાની છે. તારી સાથે મારી માતાના કહેવાથી લગ્ન કરેલ છે. તેમ કહીને શારીરિક માનસીક ત્રાસ આપતો હતો. સાસુ અને સસરા આ બધી વાતો જાણતા હોવા છતાં તેમના છોકરાને ખોટી ચઢામણી કરતા હોય પરણિતાથી કાયમી ત્રાસ સહન ન થતાં આખરે ગોધરા મહિલા પોલીસ મથકે પતિ અને સાસુ, સસરા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# શહેરા એસ.જે.દવે હાઈસ્કુલમાં ડ્રાય રનનું આયોજન કરાયું : ૩૦ કર્મચારીઓને રસી મૂકાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાની એસ.જે.દવે હાઈસ્કૂલમાં કોરોના વેકસીન અંગે ડ્રાય રનનું આયોજન કરાયું હતું. આરોગ્ય વિભાગના ૩૦ જેટલા કર્મચારીઓને રસી મુકતા હોય તેવું મોકડીલ કરાયુ હતું.

કોરોના રસીકરણની પૂર્વ તૈયારીના ભાગરૂપે પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં પણ ડ્રાય રનનું આયોજન કરવામાં આવ્યું હતું. નગર વિસ્તારમાં આવેલ એસ.જે.દવે હાઈસ્કૂલમાં રસીકરણ કેન્દ્ર રાખવામાં આવ્યું હતું.રસીકરણ બથ ખાતે સવારથી આરોગ્ય વિભાગના અધિકારીઓ સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહેલ હતો.આરોગ્ય વિભાગના ૩૦ જેટલા કર્મચારીઓને કોરોના વેકસીન મુકતા હોય એવી મોકડ્રીલ યોજાઈ હતી. આ ડ્રાય રનના સમયે પ્રાંત અધિકારી, તાલુકા આરોગ્ય અધિકારી ભરત ગઢવી સહિતનાઓ એ રસીકરણ સમયે ક્યાં પ્રકારની કામગીરી થશે તેનું નિરીક્ષણ કર્યું હતું. આવનાર દિવસોમાં તાલુકામાં લોકો સુધી વેક્સિન પહોંચે તે માટેનું આયોજન આરોગ્ય અને વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# પંચમહાલમાં ૬ સ્થળે કોરોના વાયરસ રસીકરણની ડ્રાય રન સફળતાપૂર્ણ સંપન્ન



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

કોરોના સંક્રમણ સામે સલામતી બક્ષતી રસીને મંજૂરી મળવા સાથે ટૂંક સમયમાં સમગ્ર રાજ્યમાં રસીકરણની પ્રક્રિયા શરૂ થવા જઈ રહી છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં પણ રસીકરણ શરૂ થતા અગાઉ પૂર્વ તૈયારીઓના ભાગરૂપે જિલ્લાના વિવિધ છ જેટલા સ્થળોએ ડ્રાય રન યોજાયો હતો. જિલ્લા કલેકટર અમિત અરોરા, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એસ.કે રાઠોડ સહિત ના ઉચ્ચ અધિકારીઓએ ગોધરામાં દલુની વાડી, હાલોલમાં કંજરી કુમાર પ્રાથમિક શાળા, કાલોલમાં એડબ્લ્યુસી સેટકો ખાતે, શહેરામાં એસ.જી. દવે હાઈસ્કૂલ ખાતે, મોરવા હડફમાં તાલુકા પ્રાયમરી શાળા તેમજ ઘોઘમ્બામાં ઘોઘમ્બા પ્રાથમિક શાળા ખાતે યોજાયેલ ડ્રાય રનમાં ઉપસ્થિત રહી સમગ્ર પ્રક્રિયામાં રાજ્ય સરકાર નિર્દેશિત માર્ગદર્શિકાનું પાલન થઈ રહ્યું છે કે કેમનું નિરીક્ષણ કરતા ઉપયોગી સૂચનો કર્યા હતા. છેલ્લા ઘણા સમયથી વેક્સિનને મંજૂરી મળ્યા બાદ જનસામાન્ય સુધી પહોંચાડવા માઈક્રો પ્લાનિંગ કરવામાં આવી રહ્યું હતું, જેના ભાગરૂપે યોજાયેલ આ ડ્રાય રનમાં દરેક સેન્ટર પર ૨૫ લાભાર્થીઓ માટેનો ડ્રાય રન યોજાયો હતો. મોરવા હડફ તાલુકા પ્રાથમિક શાળા ખાતે ડ્રાય રનનું નિરીક્ષણ કરવા ઉપસ્થિત રહેલા જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ જણાવ્યું હતું કે કોવિડ–૧૯ વેક્સિનેશન માટે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. તાલીમબદ્ધ આરોગ્યકર્મીઓ દ્વારા આજે કરવામાં આવેલા ડ્રાય રનથી આ વ્યવસ્થા વધુ સચોટ બનાવી શકાશે. ડ્રાય રનની પ્રેક્ટીસના કારણે તમામ આરોગ્યકર્મીઓ તેમની કામગીરી બાબતે વધુ ચોક્કસ બનશે. જેથી વાસ્તવિક રસીકરણ કાર્યક્રમ સમયે કોઈ અવ્યવસ્થા કે દુવિધા ઉભી થવાનો અવકાશ ન રહે. નોવેલ કોરોના વાયરસ સામે રક્ષણ આપતી રસીકરણની આ ઝુંબેશ અતિ મહત્વની હોવાથી સરકાર અને આરોગ્યવિભાગની માર્ગદર્શિકા અનુસાર રસીકરણ સાથે સંકળાયેલી દરેક કર્મચારી પ્રક્રિયાથી અને પોતાની ભૂમિકા અંગે સંપૂર્ણપણે અવગત થાય, ઉભી થનાર સંભવિત સમસ્યાઓ અંગે આયોજન કરી શકાય તે સંબંધે કલેક્ટરએ માર્ગદર્શન અને સૂચના આપ્યા હતા. તેમણે માર્ગદર્શિકા અનુસાર કેન્દ્ર પર કયા પ્રકારની દવાઓ તેમજ સારવારની વ્યવસ્થા કેન્દ્ર ઉપર રાખવાની છે. રિએકશનના સંભવિત કિસ્સામાં સારવારની વ્યવસ્થા સહિત વેક્સિનેશનની સમગ્ર પ્રક્રિયામાં લાગનાર સમય અંગે જાણકારી મેળવી આ તમામ બાબતોથી વેક્સિનેશન ઓફિસર સહિતના સબંધિત અધિકારીઓ સારી રીતે અવગત કરવા પર ભાર મુકયો હતો. આરોગ્યકર્મીઓ રસીકરણની સ્ટાન્ડર્ડ પ્રોસિજર તથા ઑનલાઈન સોફ્ટવેરની કાર્યપદ્ધતિથી અવગત થાય તેવા હેતુ સાથે ડમી લાભાર્થી પર ડ્રાય રન કરવામાં આવ્યું હતું. જેમાં સૌપ્રથમ વેઈટીંગ રૂમમાં બેસાડી રસી મુકાવવા આવેલા વ્યકિતઓને ક્રમ મુજબ તેમની આઈડેન્ટીટી ચેક કરવામાં આવી. ત્યારબાદ વેક્સિનેટર ઑફિસર દ્વારા તેમને નોર્મલ સલાઈન ઈન્જેકટ કર્યા બાદ કોવિડ વેક્સિનેશન માટે તૈયાર કરવામાં આવેલા સોફ્ટવેરમાં તેની એન્ટ્રી અને વેલિડેશન કરવામાં આવ્યું. રસી લીધા બાદ તેની કોઈ આડઅસર થાય છે કે કેમ તેના પર દેખરેખ રાખવા રસી લેનાર વ્યકિતઓને ૩૦ મિનિટ સુધી ઑબ્ઝર્વેશન રૂમમાં રાખવામાં આવ્યા. અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લામાં ૧૨૨૮ જેટલા કેન્દ્રો પરથી રસીકરણની આ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

- કોરોના રસીકરણ માટે તંત્ર સજ્જ.
- અગમચેતીના તમામ પગલાઓની સાથે રસીકરણનો પૂર્વાભ્યાસ કરાયો.
- તાલીમબદ્ધ આરોગ્યકર્મીઓ દ્વારા આજે કરવામાં આવેલા ડ્રાય રનથી રસીકરણની વ્યવસ્થા વધુ સચોટ બનાવી શકાશે.

ડ્રાય રનની સમગ્ર પ્રક્રિયા વિગતે જોઈએ તો ડ્રાય રનમાં પહેલેથી નોંધાયેલ વેક્સિન લેનાર ઉપભોક્તાનું કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ CO-WIN સોફ્ટવેરમાં નામાંકન થયેલ હોય છે. ઉપભોક્તાએ પોતાનું ઓળખ પત્ર બતાવીને કોરોના વેક્સિન મેળવવાની હોય છે. ત્યાર બાદ તેને મુલાકાત ખંડ એટલે કે વેઈટીંગ એરીયામાં બેસાડવામાં આવે છે અને પ્રાથમિક તપાસ કર્યા બાદ વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવે છે. પ્રાથમિક તપાસમાં ઉપભોક્તાને શરદી, ઉધરસ કે અન્ય લક્ષણ જણાઈ આવે તો તેનું વેક્સિનેસન અન્ય દિવસે ગોઠવવામાં આવે છે. પ્રથમ ડોઝ આપ્યા બાદ તેને દેખરેખ હેઠળ અલાયદા રૂમમાં અડધો કલાક બેસાડવામાં આવે છે. આ અલાયદા રૂમમાં દેખરેખ હેઠળ રાખવામાં આવેલ દર્દીને સ્વાસ્થ્ય લગતી કોઈપણ આકસ્મિક પરિસ્થિતિ સર્જાય ત્યારે સઘન સારવાર અર્થે તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# હાલોલ બસ સ્ટેશન વિસ્તારમાં બે બસો વચ્ચે અકસ્માત



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલ બસ સ્ટેશન સામે ખાનગી લકઝરી બસ અને મધ્યપ્રદેશ પરિવહન વિભાગની બસ વચ્ચે અકસ્માત થયો હતો. અકસ્માતમાં બે વ્યકિતને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. અકસ્માતને લઈ ટ્રાફિક જામ જોવા મળ્યો હતો. હાલોલ બસ સ્ટેશન સામેથી પસાર થતી ખાનગી લકઝરી બસ અને મધ્યપ્રદેશ પરિવહન વિભાગની બસ વચ્ચે સામ સામે અકસ્માત સર્જાવા પામ્યો છે. અકસ્માતમાં બે વ્યકિતઓને નાની–મોટી સામાન્ય ઈજાઓ થવા પામી હતી. ટ્રાફિક થી ભરચક રહેતા માર્ગ ઉપર વાહનો વચ્ચે અકસ્માત થતાં ટ્રાફિક જામ થવા પામ્યો હતો. પોલીસ ઘટના સ્થળે દોડી આવીને ટ્રાફિકને હળવો કર્યો હતો.

# કાલોલ તાલુકાના ખંડોલી ગામેથી દારૂ સાથે એક ઈસમને ઝડપાયો

કાલોલ,

કાલોલ તાલુકાના ખંડોલી ગામ બસ સ્ટેશનની બાજુમાં રહેણાંક મકાન માંથી ઈંગ્લીશ દારૂ કિંમત ૩૪૧૦/– રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના ખંડોલી ગામ બસ સ્ટેશન બાજુમાં રહેતા મુકેશભાઈ મોહનભાઈ પરમાર પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને ધંધો કરે છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન રોયલ બાર ગ્રેન વ્હીસ્કી નંગ–૫, બીયર ટીન નંગ–૯ મળી ૩૪૧૦/– રૂપીયાના જથ્થા સાથે ઈસમને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 115